# ૧ મ્યાઉં મ્યાઉં... કા કા કા...


ગીત :



મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.
દહીં ખાય, દૂધ ખાય,
ને ઘી તો ચપ-ચપ ચાટી જાય.
તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.
તેના ડિલ પર ડાઘ છે,
તે મારા ઘરનો વાઘ છે.

– ત્રિભુવનદાસ વ્યાસ

પ્રવૃત્તિ :




ગ ણ ગ ણ


ક લ બ લ

ચિત્રવાર્તા

# લપલપિયો કાચબો

ગ
પ
સ
પ




મને એ તળાવમાં લઈ જાવ ને...
હા, લાકડી પકડાવીએ. બોલવાનું નહિ.
અચરજથી નાનાં-નાનાં ઘર અને અન્ય વસ્તુ જોઈ કાચબો બોલી ઊઠે છે.
અરે! નાનાં ઘર! કેટલાં નાનાં!

## વાતચીત :


ક
લ
બ
લ

વાર્તા કહ્યા પછી નીચેના જેવા પ્રશ્નો પૂછો. અહીં વિદ્યાર્થીઓ બોલતા થાય તે ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓ શરૂઆતમાં તેમની માતૃભાષામાં જવાબો આપે, તો તેનો સ્વીકાર કરવો.

- તમને વાતો કરવાનું ગમે છે?
- તમે કોની કોની સાથે વાતો કરો છો?
- તમારો કયો મિત્ર વધારે વાતો કરે છે?
- તમને કેવી વાતો કરવી વધારે ગમે છે?

## રમત :

દ
ડ
બ
ડ




- તમામ વિદ્યાર્થીઓને વર્તુળમાં ઊભા રાખી આ રમત રમાડવી.
- તારું નામ... આનું નામ... મારું નામ...
- તારા પપ્પાનું નામ... આના પપ્પાનું નામ...

  (મારા પપ્પાનું નામ... એમ બોલાવવું.)
- તારાં માસીનું નામ... આનાં માસીનું નામ...

  (મારાં માસીનું નામ... એમ બોલાવવું.)

આ રીતે જુદા-જુદા સંબંધનાં નામ વડે આ રમત આગળ વધારવી.



**અભિનય ગીત :**


દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો.
ઘોડો કૂદે ઝમઝમ,
ઘૂઘરી વાગે ધમધમ.
ધરતી ધ્રૂજે ધમધમ.
ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય.
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.
સહુના મનને મોહી રહ્યો,
એક ઝવેરી જોઈ રહ્યો.
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.
રાજાએ ઉતાર્યો તાજ,
આપ્યું મને આખું રાજ.
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરીને ખાધું પીધું.

– ત્રિભુવનદાસ વ્યાસ



બ
ડ
બ
ડ

## જોડકણાં :



લાંબા મારા કાન કેવા,
ઊભા છે ટટાર!
જોતાં લાગે, હું છું કેવો
ડહાપણનો ભંડાર.

સરસર સરસર દોડી આવી,
ચોખાના બે દાણા લઈ.
પૂંછડી કેરું આસન માંડી,
કટકટ કટકટ ખાવા ગઈ !





આમ ઊડે, તેમ ઊડે,
વાંકી કરે ચાંચ,
કાળું-કાળું અંગ એનું,
કાળી એની આંખ.

ખાય તીખું, બોલે મીઠું,
એવું મેં તો કૌતુક દીઠું!
ચાંચ એની લાલચટ,
પાંખ એની લીલીકટ.



## જોડકણાં :

| | |
|---|---|
| ગોટલામાં બેઠી ગોટલી,<br>હવામાં ઊડે ચોટલી !<br>ચોટલીએ ચડ્યો ચોર,<br>આકાશે ઊડ્યો મોર ! |  |
|  | મોર વેરે પીંછ,<br>આવે ઘરે રીંછ.<br>રીંછ પીંછ લઈ,<br>નાચે થૈ... થૈ... થૈ. |

બ ડ બ ડ

## ગમ્મત :

મમ્મી : જો તો અપ્પુ, દૂધ ગરમ કરવા મૂક્યું છે. બહાર નીકળી ન જાય.

અપ્પુ : નહિ નીકળે મમ્મી, મેં ઘરનો દરવાજો બંધ જ રાખ્યો છે.

ખ ડ ખ ડ